# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર
## ખાતાકીય બઢતી પરીક્ષા મોડ-૩
## લેખિત માટે પ્રવેશપત્ર

| | | | |
|---|---|---|---|
| નામઃ | | | ઉમેદવારનો સાદા કપડામાં (સિવિલ ડ્રેસ) નો ફોટો અને ફોટા ઉપર કચેરીનો રાઉન્ડ સ્ટેમ્પ |
| જાતિ (Male/Female): | શહેર / જિલ્લો : | | |
| બેઠક ક્રમાંક (ROLL NUMBER) | | **જન્મ તારીખ** | |
| <u>લેખિત પરીક્ષાનું સ્થળઃ</u> | | **BLOCK No.** | |

| લેખિત પરીક્ષાનો સમય | તારીખ | સમય |
|---|---|---|
| પેપર – ૧ (કાયદો) | **18/08/2024** | **09:30 to 12:30** |
| પેપર-૨ (ગુજરાતી ભાષા) | **18/08/2024** | **15:00 to 18:00** |
| **પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનો સમય સવારે 07:30 કલાકે** | | |

**ઉમેદવારની સહીઃ** . . . . . . . . . . . . . . .

કચેરીના વડાની સહી અને સિકકો

<u>ઉમેદવારો માટે અગત્યની સુચનાઓ</u>

1. પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારે આ પ્રવેશપત્ર અચૂક સાથે લાવવાનું રહેશે.
2. ઉમેદવારે લેખિત પરીક્ષામાં સાદા કપડા (સિવિલ ડ્રેસ)માં આવવાનું રહેશે.
3. ઉમેદવારે પોતાના ખર્ચે અને જોખમે પરીક્ષાના સ્થળે આવવાનું રહેશે તેમજ પરીક્ષા સ્થળ કઇ જગ્યાએ આવેલ છે તેની અગાઉથી ખાત્રી કરી લેવાની રહેશે.
4. ઉપરોકત જણાવ્યા પ્રમાણે નિયત જગ્યાએ સાદા કપડામાં (સિવિલ ડ્રેસ) નો ફોટો ચોટાડી, ફોટા ઉપર કચેરીનો રાઉન્ડ સ્ટેમ્પ તથા કચેરીના વડાની સહી અને સિક્કો કરાવી સાથે લાવવાની જવાબદારી ઉમેદવારની રહેશે. તેમાં કસુર જણાયે લેખિત પરીક્ષામાં પ્રવેશ મળશે નહીં.
5. ઉમેદવારે પોતાની ઓળખ માટે ખાતા તરફથી મળેલ ઓળખપત્ર (Identity Card) સાથે લાવવાનું રહેશે. જો ઓળખપત્ર ઉપલબ્ધ ન હોય અથવા ઓળખપત્રની અવધી પૂર્ણ થયેલ હોય તો તેવા કિસ્સામાં સંબંધીત કચેરીના વડાશ્રીનું પ્રમાણપત્ર અવશ્ય લાવવાનું રહેશે.
6. ઉમેદવારે લેખિત પરીક્ષા માટે જણાવેલ તારીખ, સમય અને જણાવેલ સ્થળે અચુક હાજર રહેવાનું રહેશે. નિયત સમયે, નિયત સ્થળે હાજર ન રહેનાર ઉમેદવારની ઉમેદવારી રદ થશે.

7. પરીક્ષા કેન્દ્ર જે જગ્યાએ આવેલ ત્યા હાલ મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી ચાલુ હોવાથી વાહન લઇને આવનાર ઉમેદવારે પોતાનું વાહન બંદોબસ્ત માટે રાખવામાં આવેલ ટ્રાફીક પોલીસની સુચના અનુસાર પાર્ક કરવાનું રહેશે. કોઇપણ ભોગે ટ્રાફીકને અડચણ થાય તે રીતે પાર્ક કરવાનું રહેશે નહીં.

8. ઉમેદવારોના બાયોમેટ્રીક વેરીફિકેશન કરવાનું હોવાથી ઉમેદવારોએ આંગળીની ઉપર મહેંદી, કંકુ, ચંદન કે અન્ય કોઇ પણ પ્રકારના રંગીન દ્રવ્ય લગાવવા નહિ તથા આંગળીઓ બરાબર સાફ કરીને જ આવવાનું રહેશે.

9. ઉમેદવારે કેન્દ્રમાં પ્રવેશતા પૂર્વે તેનું બાયોમેટ્રીક / ફોટોગ્રાફ વેરીફીકેશન કરાવવું ફરજિયાત છે. આ વેરીફીકેશન કરાવ્યા વિના જો ઉમેદવાર પરીક્ષા આપશે તો ગેરલાયક ઠરશે. જો ટેકનીકલ કારણોસર ઉમેદવારનું બાયોમેટ્રીક વેરીફીકેશન થયેલ ન હોય તો પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ ઉમેદવારે બાયોમેટ્રીક વેરીફીકેશન કરાવ્યા બાદ જ પરીક્ષા કેન્દ્ર છોડવાનું રહેશે. બાયોમેટ્રીક વેરીફીકેશન કરાવ્યા વિનાના ઉમેદવાર પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

10. પેપર-૧ (કાયદા)ની પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ પુસ્તકો સાથે પરીક્ષા આપી શકાશે, પરંતુ સરકાર દ્વારા પ્રકાશિત અથવા સંસ્થા દ્વારા પ્રકાશિત Bare Acts એટલે કે કોઇપણ ટીકાટીપ્પણી વિનાના પુસ્તકો પરીક્ષામાં સાથે રાખી શકશે. આમ, પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશતી વખતે પુસ્તકોની ચકાસણી કરવામાં આવશે અને પુસ્તકોમાં મુળ કાયદા ઉપરાંત કોઇપણ ટીકાટીપ્પણી કે લખાણ હશે તો તેવુ પુસ્તક પરીક્ષા ખંડમાં લઇ જવા દેવામાં આવશે નહીં. જેથી જે પુસ્તક પરીક્ષા ખંડમાં ઉપયોગમાં લેવા માંગો છો તે પુસ્તકની ચકાસણી કરી પરીક્ષા કેન્દ્ર પર આવવા સલાહ છે.

11. પેપર-૧ (કાયદો)ના પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે. OMR Sheetમાં છેકછાક વાળા જવાબો, ખોટા જવાબો, ખોટી પધ્ધતિથી ભરેલ જવાબો અથવા એકથી વધુ જવાબોના ગુણ મળવાપાત્ર રહેશે નહીં.

12. પેપર-૧ (કાયદો)ની OMR Sheetમાં બેઠક ક્રમાંક, પ્રશ્નપત્ર ક્રમાંક તથા ઓ.એમ.આર. શીટનો ક્રમાંક એક સરખા રહેશે. ઉમેદવારને ઓ.એમ.આર. શીટ તથા પ્રશ્નપત્ર આપવામાં આવે ત્યારે તુરત જ ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંક મુજબનું પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. શીટ મળેલ છે તેની ખાતરી કરી લેવી અને જો તે મુજબ મળેલ ન હોય તો વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન દોરવાનું રહેશે. પ્રશ્નપત્ર કે ઓ.એમ.આર. શીટના છાપકામમાં કોઇ ખામીઓ હોય અથવા કોઇ પાના ખૂટતા હોય તો તુરત જ વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન દોરી નવી ઓ.એમ.આર. શીટ / પ્રશ્નપત્ર મેળવી લેવાનું રહેશે.

13. પેપર-૧ (કાયદો)ના OMR Sheetમાં કોઇપણ જગ્યાએ કોઇ ચિહ્ન/નિશાન કે અન્ય કોઇ વિગત દર્શાવવાની નથી. આવી વિગત દર્શાવનાર ઉમેદવારની OMR Sheet રદ થવાને પાત્ર થશે. OMR Sheet ઉપર દર્શાવેલ બારકોડ સ્ટીકર ઉપર કોઇપણ પ્રકારનું લખાણ કરવું નહીં તેમજ તેની ઉપર કરચલીઓ પાડવી નહિ જેની ખાસ તકેદારી રાખવી તેમજ પેપર-૨ (ગુજરાતી ભાષા)ની ઉત્તરવહીમાં પણ કોઇપણ જગ્યાએ કોઇ ચિહ્ન/નિશાન કે અન્ય કોઇ વિગત દર્શાવવાની નથી. આવી વિગત દર્શાવનાર ઉમેદવારની જવાબવહી રદ થવાને પાત્ર થશે.

14. પેપર-૧ (કાયદા)ની પરીક્ષાના જવાબો (Answer Key)ની વિગત ભરતી બોર્ડની વેબસાઇટ http://lrdgujarat2021.in ઉપર પરીક્ષા પૂર્ણ થયા પછી મુકવામાં આવશે.

15. પેપર-૧ (કાયદા)ની પરીક્ષા કલાક ૧૨.૩૦ વાગે પૂર્ણ થયા બાદ ઉમેદવારે વર્ગખંડ અને પરીક્ષા કેન્દ્ર છોડી દેવાનું રહેશે. કલાક ૧૨.૩૦ થી કલાક ૧૩.૩૦ દરમ્યાન ઉમેદવાર પોતાના ખર્ચે ચા-નાસ્તો કરી શકશે. કલાક ૧૩.૩૦ વાગે પેપર-૨ (ગુજરાતી ભાષા)ની પરીક્ષા માટે બાયોમેટ્રીક વેરફીકેશન અવશ્ય કરાવવાનું રહેશે.

16. પેપર-૨ (ગુજરાતી ભાષા) માટે રોલ નંબર લખવા તેમજ સ્ટીકર લગાવવા બાબતે વર્ગખંડમાં નિયુક્ત થયેલ ઇન્વિજીલેટર દ્વારા જે કાર્યવાહી કરવા જણાવે તે મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

17. કાગળ, લખાણ, મોબાઇલ ફોન, Earbuds, કેલકયુલેટર વગેરે જેવા વિજાણું સાધનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. જેથી ઉમેદવારોએ આવી વસ્તુ સાથે લાવવી નહીં. આવી કોઇ વસ્તુ સાથે પરીક્ષા કેન્દ્રમાં લાવનાર ઉમેદવારની ઉમેદવારી રદ થવાપાત્ર રહેશે તથા ગેરશિસ્ત સબબ પગલાં લેવામાં આવશે.
18. **ઉમેદવાર સાદી કાંટાવાળી ઘડિયાળ રાખી શકશે. ડીજીટલ કે સ્માર્ટ ઘડિયાળ રાખી શકાશે નહીં.**
19. **વર્ગખંડમાં નિયુક્ત થયેલ ઇન્વિજીલેટર દ્વારા જે સૂચનો આપવામાં આવે તેનુ પાલન અવશ્ય કરવાનું રહેશે. અન્યથા ગેર શિસ્ત ગણવામાં આવશે.**
20. **પરીક્ષા સમયે ઉમેદવારે એકબીજા સાથે કોઇપણ પ્રકારની વાતચીત કે ઇશારા કરવા નહીં. ઉમેદવારને જો કોઇ પ્રશ્ન હોય તો ઇન્વિજીલેટરને જાણ કરવી. તમામ વર્ગખંડ CCTV કેમેરાની દેખરેખ હેઠળ હોઇ, પરીક્ષા દરમ્યાન કે પરીક્ષા બાદ જો કોઇ હકીકત ધ્યાને આવશે તો ગેર શિસ્ત ગણી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**
21. ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઈપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવા પાત્ર રહેશે.
22. પરીક્ષા દરમ્યાન કોઇ પણ પ્રકારની ગેરરીતિ કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ થશે તથા તે અંગે યોગ્ય તે પગલાં લેવામાં આવશે.
23. સરકારશ્રી/ નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
24. ઉમેદવારના સગા કે મિત્રોને પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશવા દેવામાં આવશે નહિ.
25. જો ઉમેદવારને કોઈ મુશ્કેલી જણાય તો ભરતી બોર્ડના મોબાઇલ નંબરઃ **(1) 8160880331 (2) 8160853877** ઉપર ક.૧૧:૦૦ થી ૧૭:૩૦ સુધી સંપર્ક કરી શકે છે. અન્ય કોઇ તકલીફ જણાય તો જરૂરી પુરાવા સાથે “ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, ગાંધીનગર-૩૮૨૦૦૭“ ખાતે સવાર કલાકઃ ૧૧.૦૦ થી સાંજના કલાકઃ ૧૭.૦૦ વાગ્યા સુધી (જાહેર રજાના દિવસો સિવાય) રૂબરૂમાં સંપર્ક કરી શકે છે.